

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

## સલામી સવારની..

*'બેસવા'ની બાબતમાં ય આછકલાઈ તો જૂઓ!*
*આ નેતાઓના સ્વભાવની આછકલાઈ તો જૂઓ!*
*છીછરાપણું થાય છે છતું રાષ્ટ્રીય નેતાઓનું -*
*એના આચાર વિચારની, આછકલાઈ તો જૂઓ!*
*(પાછલી હારમાં બેસવા-બેસાડવાનો વિવાદ)*

### હાઈકુ

*ચિંતન સ્તર,*
*રાષ્ટ્રીય નેતાઓનું -*
*બાળ-સહજ...!*

*સીબીઆઈમાં -*
*ગુજ્જુ 'પોલીસ' છાપ -*
*તાટસ્થ્ય મૂર્તિ!?*

### ચિંતન

**ધેનોઃ શીલજ્ઞઃ ક્ષીરં ભુગકતે ।**

**ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**ગાયના શીલને જાણનાર દૂધને ઉપભોગી શકે છે.**

**જે રીતે ગાયના સ્વભાવથી પરિચિત વ્યક્તિ ગાયના દૂધનો ઉપયોગ કરી શકે છે, એ રીતે રાજાના શીલ-સ્વભાવથી સુપરિચિત મંત્રીઓ અને અધિકારીઓ એની પાસેથી ધાર્યું કામ કરાવી રાષ્ટ્રની સેવા કરી શકે છે.**

**ગાયનું દૂધ - ગૌમૂત્ર - છાણ અને ગાયની પવિત્રતા એના દર્શનમાત્ર કલ્યાણકારી ઔષધીય ગુણ ધરાવનાર છે અને તે જાણનાર શારીરિક માનસિક રીતે સુખી થઈ જાય છે માત્ર આ બાબતનું જ્ઞાન જરૂરી છે.**

**'ગૌમૂત્ર' નું દરેક રીતે ઉપયોગ, જાણીને કરનાર માણસ સુખી થઈ જાય છે.**

### સુવિચાર

- લોકો પ્રહારની જ ભાષા બોલે છે, ઉપહારની ભાષા તો ભૂલી જ ગયા છે - **મોરારિ બાપુ**
- જીભ સુધરી જાય તો દુનિયાની બધી અદાલતો તથા અડધી હોસ્પિટલો બંધ થઈ જાય છે - **મુંબઈ સમાચાર**
- શુદ્ધ બુદ્ધિ જ સિદ્ધ બુદ્ધિ છે - **માનસસૂત્ર**
- જો મહાન હેતુને ખાતર પર પાપનો આશરો લીધો તો તેનો પસ્તાવો કરવો જ પડવાનો - **એસ. ભટ્ટાચાર્ય**
- જે કહેવાનું હોય તે સ્પષ્ટ રીતે કહી દઈને તે પછી સૂર ટકી રહે તે આપણો સાચો સૂર બનવો જોઈએ. તે પછી માફી માંગવાપણું ન રહે - **ટાગોર**
- વેદના વગર પાપ દૂર થઈ શકતું નથી - **અરબી કહેવત**
- આજનું ઔષધ : લવિંગને ઘી ના દીવા ઉપર શેકીને મોંમાં મૂકી રાખવાથી શરદી મટે છે અને બેસી ગેયલો અવાજ ખૂલે છે.

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

બર્ટાન્ડ રસેલને પત્રકારે પૂછ્યું કે તમે વિશ્વના સૌથી બુદ્ધિમાન કોને માનો છો ? રસેલ તો અતિ બુદ્ધિમાન અને પાછા રેશનાલિસ્ટ હતા. રસેલે કહ્યું, 'મારું ખમીસ જે સીવે છે તે દરજી જેવું આ વિશ્વમાં બુદ્ધિમાન કોઈ નથી.'

સૌને આશ્ચર્ય થયું કે રસેલ જેવો મહાન ચિંતક એક સામાન્ય દરજીને બુદ્ધિમાન કહે છે ? પત્રકારે રસેલને આ વાતની ચોખવટ કરવા કહ્યું. ત્યારે રસેલે કહ્યું 'હું મારા દરજી પાસે વર્ષમાં જેટલી વાર મારું પેન્ટ કે ખમીસ કે કોટ સીવડાવવા જઉં છું, તો દર વખતે તે મારું નવું માપ લે છે. કદાચ ત્રણ મહિને પણ હું જાઉં તો પણ તે મારું નવું માપ લે છે.' રસેલે આગળ વધારતા કહ્યું, 'વ્યક્તિ તો હું જ છું, પેન્ટ કે ખમીસ પણ મારું જ બનશે, દરજી પણ તે જ છે, સિલાઈ પણ તે જ કરશે, પણ દર વખતે માપ નવું.'

એ જ રીતે દરેક પ્રસંગે, દરેક ઘટના વખતે, દરેક સૂત્રમાં પણ દેશાનુંકાળ અનુસાર રોજ નવું માબ લેવું જોઈએ. તેને જ પરમ બુદ્ધિમાન કહી શકાય.

# રાષ્ટ્રમંચ પરથી રણટંકાર

**તંત્રીસ્થાનેથી...**

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને વાજપેયી સરકારમાં નાણાં મંત્રી તરીકે ફરજ બજાવી ચૂકેલાં પૂર્વ સનદી અધિકારી યશવંત સિંહાએ આખરે પોતાનો અવાજ રજૂ કરવા 'રાષ્ટ્રમંચ' જેવા એક તટસ્થ માધ્યમને સૂત્રપાત કરવો પડ્યો છે. એમણે ઘણા લાંબા વખત સુધી પાર્ટીના ફોરમમાં પોતાના અભિપ્રાય વ્યક્ત કરવાની મથામણ કરી પરંતુ પાર્ટીનું શીર્ષસ્થ નેતૃત્વ એમને ગણકારતું નથી કે નથી એમના અભિપ્રાયને વજન આપતું. આથી અકળાયેલા વરિષ્ઠ નેતા હવે ભારતીય જનતા પાર્ટીની કહેવાતી શિસ્તની લક્ષ્મણ રેખા ઓળંગી આગવો ચોકો માંડવાના મૂડમાં છે. ગુજરાતની વિધાનસભાની ચૂંટણી વખતે પણ એમણે પૂર્વ મુખ્યમંત્રી સુરેશ મહેતા સાથે બૌદ્ધિકો અને વ્યાવસાયિકો સાથે વાર્તાલાપ કર્યો હતો. સુરેશ મહેતા તો કયારનાય ભારતીય જનતા પાર્ટી સાથે છેડો ફાડી ચૂક્યા છે. વળી તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કટ્ટર ટીકાકાર છે. યશવંત સિન્હાને બિહારના ઝુઝારુ સાંસદ અને ફિલ્મ જગતના નામાંકિત હસ્તી શત્રુઘ્ન સિન્હાનું ખુલ્લુ સમર્થન છે. અલબત્ત, ભારતીય જનતા પાર્ટી આ બેઉ નેતાઓને હંમેશા કદ મુજબ વેતરતી રહી છે પરંતુ એમના વિદ્રોહ સામે શિસ્ત ભંગના પગલાં લેવાની હિંમત નથી કરી શકી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીમાં 'પ્રાઈમ મિનિસ્ટર' બનવા માટેના ગુણો હોવાનું સૌ પ્રથમ વિધાન કરનારાઓમાં વરિષ્ઠ પત્રકાર અને વાજપેયી સરકારમાં કેબિનેટ મંત્રી રહી ચૂકેલા અરુણ શૌરી સાથે યશવંત સિંહા પણ સામેલ હતા. પરંતુ સમય જતાં એમને જે ઉપેક્ષાનો ભોગ બનવું પડ્યું છે તે જીરવવાની કે લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોહર જોષી જેવા પાર્ટીના પાયાના પથ્થરોની જેમ ચૂપ થઈ જવાની તૈયારી નથી. એમણે જે સાચું લાગે છે તે ઉઘાડે છોગ કહેવાનો એમનો સ્વભાવ છે. પાર્ટીના હાઈકમાન્ડ કે કેન્દ્ર સરકાર સામે મોરચો માંડવાના ભયસ્થાનોથી તેઓ પૂરેપૂરો વાકેફ છે. પરંતુ એક પૂર્વ મંત્રી તરીકે તેઓ વર્તમાન વિસંગતતાઓ સાથે અનુકૂલન સાધી શકવામાં નિષ્ફળ નીવડ્યા છે. એનો અર્થ એટલો કે તેઓ લોલેલોલ કરનારા બીજા સત્તાલાલચુઓની પંગતના માણસ નથી. એમને વખારે નાખી દેવાના વ્યૂહ લેખે એમના પુત્ર જયંત સિન્હાને મંત્રીપદું પણ અપાયું હતું. વળી યશવંત સિન્હાને કેન્દ્રના સલાહકારની ભૂમિકામાં પણ નિમણૂક અપાઈ હતી. પરંતુ એમને સરકાર અને પાર્ટીની કાર્યપદ્ધતિ સામે સખત વાંધો છે. તેઓ માને છે કે જો આમ જ ચાલતું રહેશે તો દેશમાં લોકશાહી સામે મોટો ખતરો સરજાશે. સત્તા એક જ વ્યક્તિનાં હાથમાં કેન્દ્રિત થઈ જાય તે સ્થિતિ ખરેખર ચિંતાજનક તો ગણાય જ. છેલ્લા ત્રણેક વર્ષથી કેન્દ્રમાં આવી પરિસ્થિતિ પ્રવર્તી રહી છે જેના મંત્રીઓ સુધ્ધા લાચાર થઈને સુવિધાઓ ભોગવવા સિવાય કશી નિર્ણાયક ભૂમિકા ભજવી શકવાની સ્થિતિમાં નથી રહ્યા. બિહાર અને ઝારખંડ જેવા વિસ્તારોમાં ભારતીય જનતા પાર્ટી હવે નીતીશકુમાર સાથે ગઠબંધન કરીને એનું વજૂદ વિસ્તારવા પ્રયત્નશીલ છે અને લાલુ યાદવ જેવા લોકપ્રિય નેતાને સરકારે આડાઅવળા કેસ ઊભા કરી જેલભેગા કરેલ છે ત્યારે પાર્ટીના જ બે વરિષ્ઠ નેતાઓ ઉઘાડેછોગ કેન્દ્રની તથા પાર્ટીના હાઈકમાન્ડની સામે મોરચો માંડી બેઠા છે, તે સૂચક છે. અડવાણી અને જોષી જેવા સિનિયરોની નારાજગી પણ છાની નથી રહી. આગામી લોકસભાની ચૂંટણી વહેલી કરાવી દઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ વધુ એક ટર્મ માટે ઢાંકપિછોડો કરવાના ઈરાદાસર લોકસભા અને રાજયોની વિધાનસભાઓની ચૂંટણી એક સાથે કરાવવાનો વિચાર પણ વહેતો મુકાયો છે. એથી દેશ ભારે ખર્ચમાંથી ઊગરી જશે એવી વાત કરનારા વડાપ્રધાન છાશવારે જે મહોત્સવો, રોડ શો અને વિદેશયાત્રાઓ પાછળ લખલૂટ ખર્ચ કરે છે એનો પણ પર્દાફાશ એમની જ પાર્ટીના બોલકા અસંતુષ્ટો હવે યશવંત સિન્હાના 'રાષ્ટ્રમંચ' ના માધ્યમથી કરી શકાશે. એનડીએ સાથે શિવસેનાએ છેડો ફાડી દીધો તે પછી તેલુગુ દેશમ પણ એ જ દિશામાં વિચારી રહ્યો છે. શક્ય છે કે ૨૦૧૯ સુધી રાહ જોવામાં વડાપ્રધાનને પગ નીચેથી જાજમ સરી જતી વરતાય !

# બાળકોની યાદશક્તિ



આજનો જમાનો એટલે કોમ્પિટિશન, દેખાદેખી અને કમ્પૅરિઝનનો જમાનો. ''સાહેબ મારા બાળકને કઈ યાદ નથી રહેતું. પાડોશીના છોકરાને નેવું ટકા આવે તો મારો છોકરો કેમ પાછળ રહી જાય.!! મારા બાળકને નેવું ટકા આવવા જોઈયે, કરાટેમાં ફર્સ્ટ આવવો જોઈએ, સ્વીમીંગ ચેમ્પીયન થવો જોઈએ, સ્પોકન ઈંગલીશ અને ગ્રામરમાં પાવરફૂલ થવો જોઈએ, વેદિક મેથ્સ આવડવું જોઈએ, તબલામાં વિશારદ થવો જોઈએ.....(અને આવું તો બીજું કેટલુય...)

ટુંકમાં, મારું બાળક 'સુપરબાળક' થઈ જાય તેવુ કઈક કરો સાહેબ.''

આજના મોંઘવારી અને કોમ્પીટીશનના જમાનામાં મા-બાપને સંતાનની ચિંતા હોય તે સ્વાભાવિક છે, પણ વધારે પડતી મહત્વાકાંક્ષાઓ પણ ન બાંધવી જોઈએ. દરેક બાળક પોતાની કેપીસીટી મુજબનું પરફોરમન્સ આપે અને તેના એ પરફોરમન્સની કેપીસીટીને માં-બાપ પોસીટીવલી પુશ આપે, એટલે વાત બની જ જાય. આ પોસીટીવ પુશ આપવાના ઘણા રસ્તાઓ છે જેમાનો એક સરળ, હિતકારી અને પરવડે તેવો રસ્તો એટલે આયુર્વેદ. આયુર્વેદમાં એવી ઘણી ઔષધિઓ છે જે બાળકની યાદશક્તિને વધારે છે અને બાળકના મગજને પોષણ આપે છે. ફાર્મસી કંપનીઓના માર્કેટિંગના પ્રતાપે આમાંની કેટલીયે વનસ્પતિઓ કે દાવાઓને આપ જણાતા જ હશો.

આયુર્વેદ ફક્ત તબીબીશાસ્ત્ર નથી. આયુર્વેદ જીવન જીવવાની કળા છે. વ્યક્તિ સર્વાંગી રીતે સ્વસ્થ રહે તે માટે આયુર્વેદને અનુસરવુ હિતાવહ છે. માં-બાપની સંતાન પ્રત્યેની મહત્વાકાંક્ષાઓને સંતુષ્ટ કરવા માટે સંતાન નિરોગી રહે તે જરૂરી છે તેમજ સંતાનના મગજની વિચારશક્તિ, યાદશક્તિ, તર્કશક્તિ આદિ વિકસે તે પણ એટલું જ જરૂરી છે.

આયુર્વેદમાં મેધ્ય વનસ્પતિઓનો એક આખો સમૂહ છે. આ એવી વનસ્પતિઓ છે જે વ્યક્તિની મેધાશક્તિને (બ્રેઈન પાવર) વિકસાવવામાં ખૂબ સપોર્ટ કરે છે. આપણામાં થી ઘણાને આવી અમુક વનસ્પતિઓ વિષે જાણ પણ હશે. જેમકે, બ્રાહ્મી, શંખપુષ્પી, વચા, જ્યોતિષ્મતિ, જટામાંસી, અક્કલકરો આદિ. આ દરેક વનસ્પતિઓના પોતાના આગવા ગુણો છે. આ ઔષધીઓ કે તેના યોગોને નિયમીતપણે નિયત માત્રામાં લેવામાં આવે તો ચોક્કસપણે મગજની શક્તિઓ વધે છે. આ વનસ્પતિઓને લગતા અમુક સરળ પ્રયોગોની વાત કરીએ તો... - જ્યોતિષ્મતિના તેલના બે ટીપાને પતાસામાં નાખીને પતાસુ ખાઈ જવું. જ્યોતિષ્મતિ યાદશક્તિ વધારવા માટેની શ્રેષ્ઠ ઔષધિ છે. (આ પ્રયોગ પતાસાને બદલે દૂધ સાથે પણ કરી શકાય) - શંખપુષ્પીના ચૂર્ણને મધ કે દૂધ સાથે લઈ શકાય. શંખપુષ્પી અને બ્રાહ્મી બન્ને સાથે પણ લઈ શકાય - વચા વાક્શક્તિ ખીલવવા માટે ઉત્તમ છે. કોઈને બોલવામાં તકલીફ પડતી હોય (જેમકે અચકાઈને બોલવું, તોતડું બોલવું, કે પછી ઉમર પ્રમાણે બોલવાનો વિકાસ ન થવો) તેવા સંજોગોમાં વચાના ચૂર્ણને મધ સાથે ચટાડી શકાય. વચાનો વધુ ડોઝ આપવાથી ઉલ્ટી-ઉબકા થઈ શકે છે, એટલે વચા પ્રમાણસર આપવું. - આ ઉપરાંત આયુર્વેદમાં એવા કેટલાય બ્રેઈન ટોનિક યોગો છે જે તૈયાર સ્વરૂપે જ આપી શકાય. જેમકે સારસ્વતારિષ્ટ, સ્મૃતિસાગર રસ, સારસ્વત ચૂર્ણ આદિ. વિવિધ ફાર્મસીઓની પેટંટ પ્રોડક્ટ પણ અવેલેબલ હોય છે.



પહેલું સુખ તે જાતે નર્યા
ડો. કેદાર ઉપાધ્યાય

ઉપરોક્ત આયુર્વેદિક ઉપચારો ઉપરાંત બીજી અમુક બાબતો પણ જરૂરી છે. જેમકે, બાળકોને પોઝીટીવલી કેળવવા, ખોટું પ્રેશર ન આપવું, દરેક બાળકની પોતાની આગવી આવડત હોય છે, તે આવડતને પારખી તેને પોષવી, બાળકને આધ્યાત્મિક સંસ્કારો આપવા (આ ખૂબ જરૂરી છે. આજે ટીવી, ઈંટરનેટમાં હાજર સ્વરૂપે એવી કેટલીયે ચીજો મળે છે જેને સમજવા માટે કદાચ આપણું બાળક પરિપક્વ ન હોય,અને આ કારણે જ ક્યારેક અર્થનો અનર્થ પણ થઈ જાય. આવા સમયે યોગ્ય આધ્યાત્મિક સંસ્કારો વડે બાળક પરિપક્વ બને છે, અને સારા-નરસાની સમજણ કેળવાય છે), ધ્યાન-યોગ-પ્રાણાયામની ટેવ પાડવી, અને મોબાઈલ ફ્રેંડલી રહેવાને બદલે ફેમીલી ફ્રેંડલી રહેવા અંગે સમજણ પુરી પાડવી.

આ બધા ઉપાયો અને તેનાથી ય મોટો ઉપાય એટલે માં-બાપનો બાળક પ્રત્યેનો પોઝીટીવ અને ફ્રેંડલી એપ્રોચ એટલે બાળકનું બેસ્ટ બ્રેઈન ટોનિક.

- contact@atharvaayu.com

# સદાબહાર સુરેશ દલાલના વિચારોનો વૈભવ

ઘણા સમય પહેલા આ કોલમમાં મેં " તમે પ્રેમની વાતો કરજો, અમે કરીશું પ્રેમ'' એવો શ્રી સુરેશ દલાલના લખાણો સંબંધી એક લેખ લખ્યો હતો તેમાં મેં લખ્યું હતું કે,

એક વાતથી આપણે બધ્ધા સુપેરે જ્ઞાત છીએ કે સુરેશભાઈ જેટલી સુંદર કવિતાઓ લખતા હતા એટલા જ મનોહર નિબંધો લખતા હતા. એમણે સેંકડોની સંખ્યામાં નિબંધો લખ્યા છે. ''મારી બારીએથી'' કદાચ તેમનો પહેલો નિબંધ સંગ્રહ હતો.તે પછી તેમણે સહેજે પાછુ વળીને જોયું નથી. માનવીઓના આ મધુવનમાં, મોંજાને ચીંધવા સહેલાં નથી, સાવ એકલો દરિયો, ચહેરાઓના વનમાં, મારો આસપાસનો રસ્તો,પગલાંથી પંથ એક ફૂટ્યો, સમી સાંજના શમિયાણામાં,ભૂરા આકાશની આશા, અમને તડકો આપો, વ્યક્તિ અને અભિવ્યક્તિ, દરિયામાંથી દરિયો લીધો,શબ્દ મારો પારસમણિ સુધી,આયુષ્યની આવતીકાલ મારી પ્રિયતમા, એક રાત નિભાવી લેવી છે, માણસ મને ગમે છે, અક્ષરથી ઈશ્વરસુધી, આયુષ્યની અયોધ્યા, આ બધા તેમના નિબંધસંગ્રહોના નામ છે . છે ને અદભુત ? ગુજરાત સાહિત્ય અકાદમીએ તેમના શ્રેષ્ઠ નિબંધોનું એક સંપાદન " મધરાતનું મૌન " પ્રકાશિત કર્યું છે. ચિત્રલેખા સાપ્તાહિકમાં સુરેશભાઈ પહેલા પાને એક સુવિચાર આપી હેઠળ તેનું સુંદર રસમય અવલોકન કરતા. એવા નાનકડા નિબંધો ઝલક શ્રેણી હેઠળ પગટ થયા છે. તેની પણ પંદરથી વધુ પુસ્તિકાઓ થઈ હોવાનો સંભવ છે. સર્વપ્રથમ પુસ્તિકાનું નામ ઝલક હતું. છેલ્લીનું નામ અંતિમ ઝલક છે. ઝલક ચાંદ, ઝલક પૂનમ , ઝલક પુષ્પો,ઝલક અત્તર, ઝલક અધ્યાય, ઝલક કિશોરી, ઝલક સન્ધ્યા,ઝલક પ્રયાગ, ઝલકનંદા, ઝલક ઝલક, ઝલક ચતુર્થી, પંચમી, અષ્ટમી, નવરંગ, દશેરા, અગિયારમી, એવા અવનવા નામની અમલપિયાલીઓ સુરેશભાઈ આપણી મા સરસ્વતીના ચરણોમાં ધરી છે અને ગુજરાતી સાહિત્યને ન્યાલ કરી છે. તમારા મોબાઈલમાં ફેસબુકમાં કોઈ નાનકડો સુવિચાર ધરાવતો ફકરો જોઈને તમે વાહ વાહ કરવા માંડો છે પણ દલાલ સાહેબની ઝલક શ્રેણી વાંચ્યા પછી તમે આ અગાઉ વાંચેલા બધા અવતરણ સાવ ફિક્કાફસ લાગશે.

આ વખતની પુસ્તક પરબમાંથી શ્રી સુરેશભાઈ દલાલના સુવિચારો પરના લખાણોનું પુસ્તક ''વિચારોનો વૈભવ'' મળી ગયું છે.ઉપર જણાવ્યા મુજબ ચિત્રલેખામાં પ્રગટ થયેલા અસંખ્ય સુવિચારોનું સંકલન કરીને આ પુસ્તક પુનિત પ્રકાશન તરફથી બહાર પડ્યું છે. પુનિત પ્રકાશન તરફથી બહાર પડ્યું હોવાથી કિંમત પણ ઘણી ઓછી છે. ૨૮૬ પાનાનું પુસ્તક હોવાછતાં ફક્ત રૂ. ૪૦ માં મળે છે તે એક ચમત્કાર કહેવાય વળી બીજો ચમત્કાર એ છે કે આની ૪૦, ૦૦૦ નકલો બહાર પાડવામાં આવી છે. જે લોકોને સુવિચારો અને સદવાચનમાં રસ છે તે સર્વેએ આ પુસ્તક વહેલી તકે વસાવી લેવા જેવું છે. તેના પ્રકરણ-૨૦૧ આખેઆખું અહીં આપું તો ગમશે ને ?

હમ જમનાકે તીર તરત જલ, હમરો ઘટ ન ભરાઈ,
ઐસો ઘટ ક્યો તુમને દિયો, જાકો તુમ બિન કો ન સગાઈ ?

જ્યારે જ્યારે આ પંક્તિ વાંચું છું, સાંભરું છું કે મનોમન યાદ કરું છું ત્યારે ત્યારે એક પ્રસંગ યાદ આવે છે.

સુંદરમના સાહિત્યસર્જનને મૂલવતો ગ્રંથ ''તપોવન'' સોમૈયા કોલેજે પ્રગટ કર્યો ત્યારે સુંદરમના સાન્નિધ્યમાં કવિનાં જ ગીતોનો કાર્યક્રમ રાખ્યો હતો.

કવિએ થોડાં ગીતો વ્રજ ભાષામાં પણ લખેલાં. એમાંનું એક આ હતુંઃ 'કાહે કો રતિયા બનાઈ ? ' ગોપીનો વેધક પ્રશ્ન છે. આ રાત શું કામ બનાવી ? 'નહીં આતે, નહીં જાતે; મન સે તુમ ઐસે ક્યોં શ્યામ કન્હાઈ ? આ ગીત પ્રસિધ્ધ કલાકાર લક્ષ્મીશંકરે જીવ રેડીને ગાયું હતું. સુંદરમનું ગીત જ એવું કે નીચે સુંદરમની સહી ન હોય તો મીરાંનું જ લાગે.

કાર્યક્રમ તો રંગે ચંગે પતી ગયો. રવિવારની સવાર સુધરી ગઈ.

પછી થોડાક મિત્રોએ શાંતિલાલ સોમૈયાને ઘેર લંચ માટે મળવાનું હતું. સુંદરમે આગ્રહ કર્યો કે મારે આ ગીત ફરીથી સાંભળવું છે. સદભાગ્યે સુંદરમનો અવાજ કેસેટમાં ઝિલાયેલો એટલે ફરીથી પાછું સુંદરમને એ ગીત સંભળાવી શક્યા. આ સાંભળીને સુંદરમ ગદગદ થઈ ગયા.

આંખમાં આંસુ નહોતાં , પણ અવાજમાં તો હતાં જ.મને કહે કે,' આ જ મારો પ્રશ્ન છે. જો ઘડો ભરવો નહોતો તો ઘડાને ઘડ્યો જ શા માટે?'

તેનો જવાબ આપવાની મારી કોઈ ક્ષમતા ન હતી. હું સાવ મૂંગો રહ્યો.

થોડાક દિવસ પછી ઉમાશંકર જોષી મુંબઈ આવ્યા હતા.

એક જ યુગના બે કવિઓ-સારસ્વત સહોદરો.

મને પૂછ્યું,'કેવો રહ્યો સુંદરમનો કાર્યક્રમ ?'

કાર્યક્રમના વખાણ કરવાને બદલે કાર્યક્રમની પરાકાષ્ઠા શું હતી એને માટે મેં ઉમાશંકરને ઉપલો પ્રસંગ કહ્યો.



મનના ઉમંગો
રણછોડ પરમાર

ઉમાશંકરે કહ્યું,' જો ઘડાએ તરવું હોય તો એણે ખાલી રહેવું જ જોઈએ.' બે મોટા ગજાના ગરૂડ જેવા સાહિત્યકારો વાતોની કઈ રીતે આપલે કરે છે એ જાણવાની મઝા પડી ગઈ.

કાગળ લખવામાં હું બહું પછાત છુ, પણ ક્યારેક કાગળ લખ્યો હશે ત્યારે મેં સુંદરમને ઉમાશંકરનો પ્રતિભાવ લખ્યો હશે.

( આ રીતે પણ મારી અટક સાર્થક કરતો હોઉં એવું લાગે છે.)

સુંદરમે લખ્યું,' ઘડાની સાર્થકતા એ તરે એમાં નથી. ભરાય એમાં છે.'

આ વાત આમ તો અહીં પતી જ જાય છે. પણ અહીંથી આ વાતને એક નવો આંકડો મળ્યો. આપણા નવલકથાકાર મહેશ દવે થોડાક સમય પહેલાં નંદિગ્રામમાં મકરંદ દવેને મળ્યા હતા. બંને વચ્ચે સુંદરમ-ઉમાશંકરના આ પ્રસંગની ચર્ચા થઈ.

મકરંદ દવે કહે કે 'ઘડાની સાર્થકતા એ ભરાય એમાં પણ નથી; એ તરે એમાં પણ નથી; ઘડાની સાર્થકતા તો એને કૃષ્ણની કાંકરી લાગે એમાં છે.'

મહેશ દવે એ જ્યારે આ વાત મને કરી ત્યારે મને હરીન્દ્ર દવેની પંક્તિઓ યાદ આવી ગઈ. પંક્તિઓ આ પ્રમાણે છેઃ

શિર પર ગોરસ મટુકી મારી, વાટ ન ક્યાંયે ખૂટી, અબ લગ કંકર એક ન લાગ્યો, ગયાં ભાગ્ય મુજ ફૂટી.

મારે આ પ્રસંગ દ્વારા જે વાત કરવી છે તે એજ કે મોટા ગજાના માણસો જ્યારે વાત કરે છે ત્યારે કોઈ વ્યક્તિની નિંદા-કુથલીમા નથી પડતા . પણ કશીક સત્વશીલ તત્વવિચારણામાં પડે છે. આમાં કોઈ તત્વજ્ઞાનનો ભાર નથી હોતો, પણ દરેકનો જીવન પ્રત્યેનો અભિગમ દેખાઈ આવે છે.

કાયાને કુંભ સાથે સરખાવવાની પરંપરા આપણે ત્યાં પહેલેથી જ છે.

આ કુંભમાં જળ ભરવું, અમૃત ભરવું કે કશું ન ભરવું અને તરી જવું કે કૃષ્ણના કાંકરી ચાળે ધન્ય થવું એ દરેકનો પોતપોતાનો વૈયક્તિક અને વિશિષ્ટ દષ્ટિકોણ છે ઘડો તો નિમિત્ત છે, પણ આપણી હંમેશની તલાશ આ ઘડાના ઘડનાર માટેની છે. કૃષ્ણ વિનાની રાત એ વિરહની પ્રલંબ રાત છે.

મૂળ તો ઘડાનું હોવાપણું મહત્વનું છે. આપણે હોઈએ એજ પૂરતું છે.

અહીં આપણું હોવું ઘટ સમાન છે. આ ઘટ કૃષ્ણ મળે તો જ ઘટના કહેવાય.

કૃષ્ણ એમનેમ ન મળે. એની રટણા હોવી જોઈએ.

આવી રટણા મીરાંને હતી.નર્યો તલસાટ હતો. કૃષ્ણ માટેની નરી બેચેની હતી.

'અન્ન ન ભાવે, નિંદ ન આવે.' એવી પરિસ્થિતિ હતી. આવી મીરાંની ભક્તિ હોય એને કૃષ્ણ મળે. કૃષ્ણ આવે કે ન આવે એની મરજી, પણ કૃષ્ણની પ્રતિક્ષાનો આપણો અધિકાર તો ખુદ કૃષ્ણ પણ ઝૂંટવી લઈ શકે તેમ નથી.

(વિચારોનો વૈભવ- સુરેશ દલાલ પ્રકરણ -૨૦૧, પૃષ્ઠ-૨૬૬)

# સારાની સોબત કરો, સારો ઉપજે સાર, એક ચાવતાં એલચી, પમરાવે મુખદ્વાર

સારાની સોબત કરો, સારો ઉપજે સાર
એક ચાવતાં એલચી, પમરાવે મુખદ્વાર

●●●

જીવન વિકાસના બારામાં સોબત ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. હંમેશાં સારાની સોબત કરવી... જે આપણા કરતાં આચાર-વિચારમાં ઉચ્ચ હોય - ચડિયાતા હોય એવાનો સંગ જ જીવનમાં રંગ લાવી દે. ગટરમાં ભળેલું પાણી પોતાનું મૂલ્ય ગુમાવી બેસે છે જયારે એ જ પાણી ગંગામાં ભળે ત્યારે દેવો પણ એને વંદે છે. કવિએ સાચે જ લખ્યું છે;

''સામાન્ય જન પણ માન પામે મહાપુરુષના સંગથી,
મૂલ્ય વીંટીનું વધે, માંહી જડેલા નંગથી.
સૌંદર્ય છે ઉમાપતિના અંગ પરની રાખમાં,
કેવું શોભે કાળું કાજળ સુંદરીની આંખમાં.''

'સારી સોબત'નો અર્થ માત્ર 'સાધુ પુરુષનો સંગ' એવો સીમિત ન લેતાં... સત્ - સંગમાં સારાં પુસ્તકો, કથા શ્રવણ અને ઉમદા વ્યક્તિઓનું સાન્નિધ્ય - આ બધું અભિપ્રેત છે. તુલસીદાસજીનો એક જાણીતો દુહો છે;

'એક ઘડી આધી ઘડી, આધી મેં પુની આધ,
તુલસી સંગત સાધુ કી, કરે કોટિ અપરાધ.'

દેવર્ષિ નારદના સંગે લૂંટારો વાલિયો વિશ્વવંદ્ય ઋષિ બની ગયો. ખૂંખાર અંગૂલિમાલ મહાવીર સ્વામીના ઘડીક સંગમાં કરુણામૂર્તિમાં રૂપાંતરિત થયો. પૂ. રવિશંકર મહારાજના સંસર્ગે બહારવડિયા બદલાયા. રસ્કિનનું 'Un to the last' પુસ્તક બેરિસ્ટર મોહનને મહાત્મા બનાવીને જ ઝંપ્યું !

દોસ્તો, દૂધમાં ભળેલું પાણી પણ દૂધના ભાવે જ વેચાય. સારાની સોબત જીવનનો એક અમૂલ્ય લ્હાવો છે. મહાનુભાવોનો સંગ ઉન્નતિકારક જ હોય છે. અહીં એક પ્રેરક કથા નોંધવાનું મન થાય છે;

'આલ્બર્ટ આઈન્સ્ટાઈનની Theory of Releticity ખૂબ પ્રસિદ્ધ થઈ ટલે તેના વિશે લેકચર આપવા માટે આમંત્રણ મળવા લાગ્યાં. આલ્બર્ટ આઈન્સ્ટાઈન હમેશાં ગાંડી લઈને જતા અને ડ્રાઈવર સાથે રાખતા. લેકચર દરમિયાન ડ્રાઈવર છેલ્લી હરોળમાં બેસીને આઈન્સ્ટાઈનને સાંભળતો.

એક દિવસ ડ્રાઈવરે આઈન્સ્ટાઈનને કહ્યું કે તમારી થિયરી એટલી સરળ છે કે હું પણ એના વિશે પ્રવચન કરી શકું. મેં એટલી બધી વાર સાંભળી છે કે તમારા પ્રવચનના દરેક શબ્દો મને યાદ રહી ગયા છે.'

ત્યારે ગુસ્સે થવાને બદલે આઈન્સ્ટાઈન ખુશ થયા કે એમની થિયરી એટલી સરળ છે કે વિજ્ઞાનનું જરા પણ જ્ઞાન ન હોય એવા લોકો પણ એ સમજી શકે છે.

એ દિવસોમાં મીડિયા એટલું લોકપ્રિય હતું નહિ એટલે બધા લોકો આઈન્સ્ટાઈનને ઓળખતા હતા પણ મોટાભાગના લોકો એમના ચહેરાથી અજાણ હતા.

એક દિવસ પ્રવચનમાં જતી વખતે આઈન્સ્ટાઈનને એના ડ્રાઈવરને કહ્યું કે આજે મારી જગ્યાએ તારે પ્રવચન આપવાનું છે. ડ્રાઈવરે વૈજ્ઞાનિક જેવા કપડાં પહેલી લીધા અને આઈન્સ્ટાઈન ડ્રાઈવરના કપડાં પહેરીને બંને હૉલમાં ગયા.

છેલ્લી હરોળમાં બેસીને આઈન્સ્ટાઈન ડ્રાઈવરનું પ્રવચન સાંભળવા લાગ્યા. ડ્રાઈવરે એટલી કુશળતાથી Theory of Releticity સમજાવી કે કોઈને શંકા ગઈ નહિ. અંતમાં પ્રશ્નોત્તરી થઈ એમાં પણ ડ્રાઈવરે તમામ પ્રશ્નોના સાચા અને સચોટ જવાબ આપ્યા. કારણ કે મોટાભાગના પ્રશ્નો અગાઉના પ્રવચનોમાં પૂછાઈ ગયા હોય એ પ્રકારના જ હતા.



લાગણીનો મેળો
રસિક વાળંદ

પરંતુ અંતમાં એક માણસ એવો સવાલ કર્યો કે ડ્રાઈવર મૂંઝાઈ ગયો. એ પ્રકારનો સવાલ અગાઉ કયારેય પૂછાયો હતો નહિ. ડ્રાઈવરને ચિંતા થઈ કે હવે શું કરવું ? એને થયું કે જો બધાને ખબર પડી જશે કે આઈન્સ્ટાઈનની જગ્યાએ એનો ડ્રાઈવર પ્રવચન આપે છે તો સારું નહિ લાગે. અને છાપ ખરાબ પડશે.

માત્ર થોડી સેકન્ડ વિચાર કરી જરા પણ ગભરાયા વિના ડ્રાઈવરે પેલા ભાઈને જવાબ આપ્યો કે, 'તમારો સવાલ એટલો બધો સરળ છે કે મારો ડ્રાઈવર પણ એનો જવાબ આપી શકે. મારો ડ્રાઈવર છેલ્લી હરોળમાં બેઠો છે, હું એને વિનંતી કરીશ કે તમારી સમસ્યાનું સમાધાન કરે.'

આલ્બર્ટ આઈન્સ્ટાઈન પોતે પણ ડ્રાઈવરના જવાબથી આશ્ચર્યચકિત થઈ ગયા. આઈન્સ્ટાઈનને પેલા માણસના સવાલનો જવાબ ડ્રાઈવર બનીને આપ્યો અને કાર્યક્રમ નિર્વિઘ્ને પૂરો થયો.

મિત્રો, તમે કેવા પ્રકારની વ્યક્તિ સાથે રહો છો એ ઘણું મહત્ત્વનું છે. આલ્બર્ટ આઈન્સ્ટાઈન જેવી વ્યક્તિ સાથે રહેવાથી એક અભણ ડ્રાઈવર પણ હોંશિયાર થઈ ગયો હતો. માણસની સોબત એના જીવનમાં બહુ મોટો ભાગ ભજવે છે. 'સંગ તેવો રંગ' અને 'સોબત તેવી અસર.'

સ્પર્શમણિ

વિચારો શ્રેષ્ઠ જ હોવા જોઈએ કારણ કે દષ્ટિનો ઈલાજ શક્ય છે પરંતુ દષ્ટિકોણનો નહિ.

●●●

સ્વાર્થી માણસની મિત્રતા મજબૂર બનાવે છે.
જયારે
સારા માણસની મિત્રતા મજબૂત બનાવે છે.

- rasikvaland1965@gmail.com